# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-01-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## કલેક્ટર-કોન્ફરન્સ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોની રજૂઆતોના જિલ્લાસ્તરે ઝડપી અને પ્રામાણિક નિવારણ માટેની વ્યવસ્થા વિકસાવવા તમામ જિલ્લાના કલેક્ટરને તાકીદ કરી છે. ગાંધીનગરમાં કલેક્ટર પરિષદમાં શ્રી પટેલે કલેક્ટર્સને સ્થળ મુલાકાતને પ્રાથમિકતા આપી સરકારની યોજનાઓના અસરકારક અમલીકરણનું નિરીક્ષણ કરવા કહ્યું છે.

શ્રી પટેલે ઇમાનદારી, સત્યનિષ્ઠા, સર્વકાર્યક્ષમતા અને અસરકારકતાના આધારે સમગ્ર જિલ્લાની કામગીરી કરવા પણ આહ્વાન કર્યું. ઉપરાંત તેમણે સરકાર કલેક્ટર્સ સાથે હોવાની ખાતરી પણ આપી છે. તેમણે કોઈ પણ ડર વિના સારા કામ માટે જિલ્લા ટુકડીનું નેતૃત્વ કરવા કલેક્ટરને સૂચના આપી છે.

-----------------------------------------------------------------------------------------

## બજેટ સત્ર:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાત વિધાનસભાના આઠ-મા સત્રનું આહ્વાન કરતાં કહ્યુ કે, આગામી અંદાજપત્ર સત્ર 16 ફેબ્રુઆરીથી શરૂ થશે. આ અંગે માહિતી આપતા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું, સત્રમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સંબોધન કરશે. જ્યારે 17 ફેબ્રુઆરીએ નાણામંત્રી કનુ દેસાઈ ગૃહમાં અંદાજપત્ર રજૂ કરશે. 23 દિવસના સત્રમાં 26 બેઠક યોજાશે.

-----------------------------------------------------------------------------------------

## પેરાસેઈલિંગ તાલીમ:

જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટર્સના વિવિધ યુનિટ અને બટાલિયનના આર્મી તથા નેવી વિંગ્સના કુલ ૫૯૪ એનસીસી કેડેટ્સ માંડવી ખાતે દસ દિવસીય સંયુક્ત વાર્ષિક તાલીમ કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આગામી તારીખ ૨૩ જાન્યુઆરી સુધી ચાલનાર આ કેમ્પનું આયોજન ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન, ભુજ દ્વારા કરવામાં આવ્યું છે.

કેમ્પના ભાગરૂપે કેડેટ્સને રોમાંચક અને સાહસિક પેરાસેઈલિંગ તાલીમ આપવામાં આવી રહી છે. યુવા કેડેટ્સમાં નેતૃત્વક્ષમતા, ટીમવર્ક, શારીરિક-માનસિક તંદુરસ્તી તેમજ સાહસિક પ્રવૃત્તિઓ પ્રત્યે આત્મવિશ્વાસ વિકસે તે હેતુથી ભારતીય વાયુસેનાના નિવૃત્ત વરિષ્ઠ અધિકારી ગ્રુપ કેપ્ટન એન. એસ. શોકીનના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ આ વિશિષ્ટ તાલીમ આપવામાં આવી રહી છે.

પેરાસેઈલિંગ માત્ર સાહસિક રમત નહીં, પરંતુ નેતૃત્વ, ઝડપી નિર્ણયક્ષમતા અને ભય પર નિયંત્રણ જેવા મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો વિકસાવવાનું અસરકારક માધ્યમ છે તેમ ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન, ભુજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકરે જણાવ્યું હતું.

---

## ક્રિકેટ:

મહિલા પ્રીમિયર લીગના મુકાબલામાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે ગુજરાત જાયન્ટસને 32 રનથી પરાસ્ત કરી હતી. બેંગલોર ટીમના 7 વિકેટે 182 રનના લક્ષ્યાંક સામે ગુજરાતની ટીમ 150 રન કરી શકી હતી. ગુજરાતની ટીમની સ્પર્ધામાં બીજીવાર હાર થઈ છે.

---

## હવામાન:

રાજ્યમાં આગામી 24 કલાકમાં પવનની દિશા બદલાતા ઠંડીમાં ઘટાડો થઈ શકે છે. હવામાન વિભાગના નિદેશક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું, આ સમયગાળામાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની શક્યતા છે.

દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં આઠ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે જુનાગઢનું કેશોદ સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે નલિયા, કંડલા વિમાનમથક અને અમરેલીમાં નવ-નવ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

---

## પ્રજ્ઞાચક્ષુ ખેલાડી-નેશનલ ગોલબોલ ચેમ્પિયનશીપ-કાંસ્ય ચંદ્રક:

બિહારના પટના ખાતે ઇન્ડિયન બ્લાઇન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન અને ગોલબોલ ફેડરેશન ઓફ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટેની પાંચમી નેશનલ ગોલબોલ ચેમ્પિયનશીપનું આયોજન કરાયું હતું. તા. 11 થી 13 જાન્યુઆરીના આયોજિત આ સ્પર્ધામાં ગુજરાત વતી માધાપરની નવચેતન અંધજન મંડળની મહિલા ટીમે ત્રીજા સ્થાન માટેના મુકાબલામાં તમિલનાડુને પરાજય આપી કાંસ્ય ચંદ્રક જીતી શાનદાર રમત પ્રદર્શિત કરી ગુજરાત અને કચ્છનું ગૌરવ વધાર્યું હતું.

---

## થલ સેના ઉજવણી:

78મા થલ સેના દિવસની ઉજવણીના ભાગરૂપે કચ્છના રણમાં સેનાના જવાનો દ્વારા આ વર્ષે પણ સાહસિક લેન્ડ યોટિંગ અભિયાનનો આરંભ કરાયો છે. સેનાનું આ સાહસિક અભિયાન 20 જાન્યુઆરી સુધી ચાલશે. જેમાં આર્મીના 21 જવાનો 400 કિલોમીટરનું અંતર કાપશે.

અભિયાન દરમિયાન જવાનો રણની કઠિન ભૌગોલિક પરિસ્થિતિઓનો અનુભવ કરશે તેમજ પોતાની શારીરિક ક્ષમતા, ધીરજને વધુ મજબૂત બનાવશે. એડવેન્ચરથી ભરપૂર આ અભિયાન કચ્છના રણમાં અનુકૂળ ઇકોસિસ્ટમ હોવાથી પર્યાવરણ સંરક્ષણ અંગે પણ જાગૃતિ ફેલાવાશે.

---